# પ્રેમનો કરુણ અંત: હોટલમાં ઝેરી દવા પીનાર પતિનું પણ મોત થયું

**સામાજિક** લગ્ન પહેલાં જ જીવનયાત્રાનો અંત, દંપતીના નિધનથી પરિવારોમાં શોક



સુરતઃ સરથાણામાં હોટલમાં ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરનાર યુવાન દંપતીની કરુણ ઘટનામાં સોમવારે પત્નીના મોત બાદ સારવાર હેઠળ રહેલા પતિનું પણ મંગળવારે વહેલી સવારે મોત થતાં બંને પરિવારોમાં ગમગીની છવાઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સરથાણા બાપા સીતારામ ચોક નજીક આવેલા સિલ્વર બિઝનેસ હબમાં આવેલી લા મરીના હોટલના એક રૂમમાં સોમવારે બપોરે માનસી હસમુખભાઈ ઉમરેટીયા અને અભય રામજીભાઈ ત્રાડાએ ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતા. જોકે માનસીને સ્મીમેર હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી, જ્યારે અભયને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન અભયની સ્થિતિ સતત નાજુક રહી હતી અને મંગળવારે વહેલી સવારે આશરે 4 વાગ્યે તેણે પણ અંતિમ શ્વાસ લીધા હતા. આ સાથે પ્રેમી દંપતીની જીવનકથા કરુણ અંતે પૂર્ણ થઈ હતી

માહિતી મુજબ, અભય ઘરેથી જ મકાન દલાલીનો વ્યવસાય કરતો હતો. તે અને માનસી લાંબા સમયથી એકબીજાના પ્રેમમાં હતા. બંનેએ લગભગ બે વર્ષ પહેલાં કોર્ટ મેરેજ કર્યા હતા. ત્યારબાદ વર્ષ પહેલાં પરિવારજનોની સંમતિ મળતાં તેમની સગાઈ પણ કરવામાં આવી હતી અને ટૂંક સમયમાં સામાજિક રીતે ધામધૂમથી લગ્ન યોજાવાના હતા. જોકે સામાજિક લગ્નમાં કોઈ વિઘ્ન આવવાની આશંકામાં બંનેએ આ અંતિમ પગલું ભર્યું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. એક તરફ માનસીના મોતથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો, ત્યાં બીજી તરફ અભયના મોતના સમાચાર મળતાં બંને પરિવારોમાં શોકની લાગણી વધુ ઘેરી બની ગઈ હતી. યુવાન દંપતીના અકાળે અવસાનથી તેમના સ્વજનોમાં દુઃખની લાગણી વ્યાપી છે.

# 25મી જૂને રાંદેર ઝોનના અનેક વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ

**જોગાણીનગર** મુખ્ય પાણીની લાઈનમાં લીકેજના રિપેરિંગની કામગીરી હાથ ધરાશે

સુરતઃ રાંદેર ઝોનમાં આવેલા અડાજણના જોગાણીનગર જળ વિતરણ મથક ખાતેથી પસાર થતી મુખ્ય પાણીની લાઈનમાં વારંવાર લીકેજ થવાની સમસ્યાને લઈ જોગાણીનગર હાઈલેવલ ટાંકીની અડાજણ પટેલ પાર્ક એપાર્ટમેન્ટ પાસેથી પસાર થતી મુખ્ય ડિસ્ટ્રિબ્યુશન લાઈનમાં લીકેજને કારણે મોટા પ્રમાણમાં પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. આ ઉપરાંત, આ ખામીને લીધે સ્થાનિક વિસ્તારોમાં ઓછા પ્રેશરથી પાણી મળતું હોવાની ફરિયાદો પણ ઊઠી હતી.

આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સુરત મનપાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા આગામી 25મી જૂને રિપેરિંગ કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી ગુરુવારે વહેલી સવારથી શરૂ થઈને મોડી રાત સુધી ચાલે તેવી શક્યતા છે.

જેને પગલે 25મી જૂનના રોજ રાંદેર ઝોનના કેટલાક વિસ્તારોમાં મનપા દ્વારા પાણી પુરવઠો પૂરો પાડી શકાશે નહીં.

### કયા કયા વિસ્તારોમાં પાણીકાપ રહેશે?

શાશ્વત કોમ્પ્લેક્ષ, રીયલ કેદાર ભવન, સહજધામ રો-હાઉસ, વસંત વિહાર રો-હાઉસ, સુમન વિહાર, મિલન પાર્ક, ગ્રીન વેલી રેસિડેન્સી, શુકન રેસિડેન્સી, શુભમ પાર્ક, પ્રવેગ રો-હાઉસ, ઋતુરાજ રો-હાઉસ, સજની રો-હાઉસ, મહર્ષિ અરવીંદ સોસાયટી, રામકુટીર રો-હાઉસ, ભાગ્યનિધી રો-હાઉસ, સાંઈ જ્યોત રો-હાઉસ, પાલવ રો-હાઉસ, ગોવર્ધન પાર્ક, સરગમ પાર્ક, અક્ષરધામ સોસાયટી, રાધા પાર્ક, કરણ પાર્ક, હરીદર્શન સોસાયટી, રામેશ્વર સોસાયટી, ઉમિયા પાર્ક, હરીદ્વાર સોસાયટી, આત્મન પાર્ક, માતૃ છાયા રો-હાઉસ, સાંઈ વિહાર રો-હાઉસ, મણીનગર સોસાયટી, સાંઈ લીલા રો-હાઉસ, આશાનગર, શિવ રો-હાઉસ, સંસ્કાર પાર્ક, ઉમા પાર્ક સોસાયટી, હરીઓમ નગર, મણીરત્ન એપાર્ટમેન્ટ એન્ડ રો-હાઉસ, શ્રીનાથ સોસાયટી, રેવાનગર સોસાયટી, નવરંગ સોસાયટી, કંકુનગર, પ્રસંગ રેસિડેન્સી, વેસ્ટર્ન વીલા, ગ્રીન એવેન્યુ, ગુરૂકૃપા સોસાયટી, યોગેશ્વર પાર્ક, રેખા પાર્ક, મેરૂલક્ષ્મી સોસાયટી, રંગઅવધુત સોસાયટી વિભાગ-૩, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સુમન સંધ્યા આવાસ, હયાત રેસીડેન્સી, રોયલ હેરીટેજ, રાંદેર ગામતળ તથા તેની આસપાસની સોસાયટીઓ સહિતનો વિસ્તાર

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી સુરત ક્ષત્રિય મહિલામંડળ ટ્રસ્ટ દ્વારા યોગા દિનની ઉજવણી



સુરતઃ શ્રી સુરત ક્ષત્રિય મહિલા મંડળ ટ્રસ્ટ અને અ.હિં.મહિલા પરિષદનાં સલાબતપુરા વોર્ડનાં સંયુક્ત ઉપક્રમે સીંગાપુરીની વાડીમાં વિશ્વ યોગા દિનની ઉજવણી કરવામાં આવી હતી. સુરત પતંજલિ યોગ સમિતિનાં યોગા શિક્ષિકા આશાબેન કાપડિયા, સુરત ક્ષત્રિય યુવક મંડળના પ્રમુખ જનકભાઈ કાચીવાલા, સુરત ક્ષત્રિય યુથ રીક્રીએશન ક્લબનાં પ્રમુખ આશિષભાઈ રંગુનવાલા, ડૉ.વિમલભાઈ રાઠી, વોર્ડ નં. ૨૦નાં કોર્પોરેટર હિનાબેન તાલિયા સહિતના હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આશાબેન અને હિનાબેન તેમજ કામિનીબેને યોગ કરાવ્યા, ડૉ.વિમલભાઈ રાઠીએ સ્વચ્છતા અને વૃક્ષારોપણ વિશે પ્રવચન આપ્યું હતું.

### સ્વ. ઘેલાભાઇ પટેલના સ્મરણાર્થે કુરુક્ષેત્ર સ્મશાનભૂમિ ટ્રસ્ટને રૂ. ૧.૫૧ લાખનું દાન



સુરતઃ જહાંગીર પુરા-વરીયાવ રોડ પર આવેલી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જીર્ણોધ્ધાર ટ્રસ્ટને ઓલપાડ તાલુકાના સરોલી ગામના સામાજિક કાર્યકર પ્રમોદ ઘેલાભાઇ પટેલ અને તેમના પરિવાર દ્વારા સ્વ. ઘેલાભાઇ કેશવભાઇ પટેલના સ્મરણાર્થે રૂ. એક લાખ એકાવન હજારનું દાન અર્પણ કરવામાં આવ્યું છે. ટ્રસ્ટના પ્રમુખ કમલેશ સેલરે જણાવ્યું હતું કે, દાતા પરિવાર દ્વારા આપવામાં આવેલ આ રકમનો ચેક ટ્રસ્ટના ખજાનચી ઉમેશ દેસાઈ તથા ટ્રસ્ટી અને રાંદેર પીપલ્સ બેંકના ડિરેક્ટર મહેશ પટેલને સુપરત કરવામાં આવ્યો હતો. પ્રમુખ કમલેશ સેલરે દાતા પરિવારનું પુષ્પગુચ્છ આપીને વિશેષ સન્માન કર્યું હતું.

### યંગ ઈન્ડિયન પાર્લામેન્ટ સિઝન-3નો સિટી લેવલ રાઉન્ડ શરૂ



સુરતઃ સી.આઈ.આઈ.ની યુથ કમિટી યંગ ઇન્ડિયન (વાય.આઇ.) દ્વારા યંગ ઇન્ડિયન પાર્લામેન્ટ સિઝન-3ના બે દિવસીય સિટી લેવલ રાઉન્ડનું આયોજન હજીરા સ્થિત ઔરો યુનિવર્સિટીમાં કરવામાં આવ્યું છે. 20 અને 21 જૂન દરમિયાન યોજનારી આ સ્પર્ધામાં સુરતની 13 શાળાઓના 130 વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ બાળ સુરક્ષા, જળવાયુ પરિવર્તન, ટેક્સ અને વધતી વસ્તી જેવી રાષ્ટ્રીય મહત્વની સમસ્યાઓ પર પક્ષ અને વિપક્ષના સભ્યો તરીકે ચર્ચા કરશે. સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને અમદાવાદ ખાતે યોજનારા રીજનલ રાઉન્ડમાં ભાગ લેવાની તક મળશે, જ્યારે અંતિમ વિજેતાઓને નવી દિલ્હીના સંસદ ભવનમાં ચર્ચા કરવાનો અવસર મળશે.

### વૃદ્ધો અને વડીલો રાષ્ટ્રની ભવ્ય વિરાસતો સમાન છે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ અંજુર ફાટા સ્થિત શ્રી શંખેશ્વર ધામ શ્વે. મૂ.પૂ. જૈન સંઘ આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, પ્રાચીન મંદિરો, તીર્થો, રાજમહેલો, રાજાભાઇ ટાવર, લાલકિલ્લો અને તાજમહેલ વગેરે જેમ સંસ્કૃતિ અને રાષ્ટ્રની ભવ્ય વિરાસતો છે તેમ વૃદ્ધો અને વડીલો પણ રાષ્ટ્રની ભવ્ય વિરાસતો છે. વિરાસતો અને વારસામાં મળેલા સંસ્કારોની જેમ સુરક્ષા કરવાની છે એ જ રીતે વૃદ્ધો અને વડીલોની સુરક્ષા થવી જોઇએ. હમણાં-હમણાં ઘરના વડીલો અને વૃદ્ધોની હાલત 'ડસ્ટબિન' જેવી થઇ ગઇ છે. બાળપણમાં જેમ બાળકને પ્રેમ, સુરક્ષા, સલામતી, વાત્સલ્ય, સાથ, સહકાર અને સ્પર્શની જરૂર પડે છે તેમ વૃદ્ધો અને વડીલોને પણ જરૂર પડતી હોય છે.

### રક્તદાન કેન્દ્ર દ્વારા વિશ્વ રક્તદાતા દિનની પૂર્વ સંધ્યાએ ઉજવણી કરાઇ



સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરની સુવર્ણ જયંતિ ઉજવણીના કાર્યક્રમનું વિશ્વ રકતદાતા દિનની પૂર્વ સંધ્યાએ તા. ૧૩/૦૬/૨૦૨૬, શનિવાર, રાત્રે ૮:૦૦ કલાકના રોજ રંગભવન હોલ, જીવનભારતી, નાનપુરા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆત મલ્હાર ગ્રુપના ડોકટરો દ્વારા કરાઈ હતી. સ્વાગત નૃત્ય બહેરા મૂંગા શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા રજૂ કરાયું હતું. નિરજ ચોકસીએ મદદની ખાતરી આપી હતી. કાર્યક્રમમાં ૨૪ શતકવીર રકતદાતાઓનું નિરજ ચોકસી (એન. જે. ઈન્ડિયા ઈન્વેસ્ટ), ડો. પ્રદીપ પેઠે, રાજેન્દ્ર ચોખાવાલા, હરેશ મહેતા, ડો. પ્રણવ દેસાઈના વરદ્દહસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સંચાલન વહીવટી અધિકારી પરિમલ વ્યાસે કર્યું હતું. ઉજવણીમાં મલ્હાર ગ્રુપના 10 જેટલાં બાળરોગ નિષ્ણાંત તબીબો દ્વારા ફિલ્મી ગીતો રજૂ કરાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં ડિરેક્ટર ડો. કૃતિ ડુમસવાલા, તથા સ્ટાફના -બહેનોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

### ગુજરાત પ્રદેશ સુથાર સમાજના હોદ્દેદારો વરાયા



સુરતઃ સમગ્ર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યનું પ્રતિનિધિત્વ કરતી મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી સુથાર જ્ઞાતિજનોની વડોદરા ખાતે આવેલી સંસ્થા ગુજરાત પ્રદેશ સુથાર સમાજની રાજ્યસ્તરીય બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ઠાકોર મિસ્ત્રી, ઉપપ્રમુખ નિખીલભાઇ ગજ્જર, ઉપપ્રમુખ દિનેશચંદ્ર સુથાર બોરસદ તથા મંત્રી તરીકે સંજય ગજ્જરની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

### કાઠમંડુમાં ડૉ. મનીષા વ્યાસનું 'આયુષ લેજેન્ડરી એવોર્ડ'થી સન્માન



સુરતઃ વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી હેઠળ ફેકલ્ટી ઓફ સાયન્સના ડીન તથા ફૂડ એન્ડ ન્યુટ્રિશન વિભાગના વડા ડો. મનીષા વ્યાસને નેપાળના કાઠમંડુ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય આયુષ કોન્ક્લેવ-4.0 દરમિયાન પ્રતિષ્ઠિત 'આયુષ લેજેન્ડરી એવોર્ડ'એનાયત કરવામાં આવ્યો હતો. આ કોન્ક્લેવમાં ડો. વ્યાસે "આત્મવિશ્વાસ અને કરુણા સાથે નિદાનની અસરકારક રજૂઆત"વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું, વનિતા વિશ્રામના ચેરમેન ક્રિપ્લાની ટી. દેસાઈ તથા યુનિવર્સિટી પરિવારે ડો. મનીષા વ્યાસને અભિનંદન પાઠવ્યા હતા.

# વરાછાની સોસાયટીમાં કોમર્શિયલ બાંધકામનો વિવાદ કોર્ટમાં પહોંચ્યો

**કોર્ટ** દ્વારા વરાછા ઝોન-એના જવાબદાર અધિકારીઓને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી

**કોર્ટ** દ્વારા વધુ સુનાવણી આગામી તા.22મી જુલાઈના રોજ રાખવામાં આવી



સુરતઃ વરાછા રોડ પર આવેલી રહેણાંક સોસાયટી જય ગંગેશ્વર મા સીઓપીની જગ્યામાં કોમર્શિયલ બાંધકામ કરી ૧૬ દુકાનનો મુદ્દો કોર્ટમાં પહોંચ્યો છે.

એડવોકેટ જિતેન્દ્રકુમાર ગિનિયાએ જણાવ્યું હતું કે રહેણાંક સોસાયટીની આશરે ૧૦૦૩ ચોરસ વારની સીઓપીની કિંમતી જગ્યા પચાવી પાડી આ જગ્યા પર ગેરકાયદેસર રીતે અંદાજે ૧૬ જેટલી દુકાનો બનાવી દેવામાં આવી છે. કોમર્શિયલ બાંધકામ નહીં કરવા બાબતે સોસાયટીમાં ઠરાવો પણ કરવામાં આવ્યાં છે. આ અંગે વારંવાર વરાછા-એ ઝોનમાં ફરિયાદ કરવામાં આવી હતી તેનજ ધારાસભ્ય કુમાર કાનાણી સહિતનાં પદાધિકારીઓને રજુઆત કરાઈ હતી. તેમ છતા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી ન હતી. તેમજ ખોટી રીતે ઈમ્પેકટની ફાઈલ મંજૂર કરવામાં આવી હતી. અગાઉનાં સેક્રેટરીએ સત્તાનો દુરૂપયોગ કરી જગ્યા પચાવી પાડી હતી. જેથી વરાછા ઝોનનાં પાંચ જવાબદાર સામે કોર્ટમાં અરજી કરી સખત નસીયત કરવાની દાદ માંગવામાં આવી હતી. અરજદારે બી.એન.એસ કલમ-૧૯૮-મુજબ કરેલી અરજીના કામે કોર્ટે તા.૨૨ જુલાઈ ૨૦૨૬ના રોજ વરાછા ઝોન-એનાં અધિકારીઓને કારણ દર્શાવવા હાજર રહેવા નોટીસ ઈસ્યુ કરી હતી.

# ભટારના આવાસમાં 4 વર્ષથી પાણી લીકેજની ગંભીર સમસ્યા

**તંત્રની** ઘોર ઉદાસીનતા સામે રહીશોમાં ભારે આક્રોશ, ઉગ્ર આંદોલનની ચીમકી

સુરતઃ સ્માર્ટ સિટી સુરતના ભટાર આઝાદનગર નજીક મનપા દ્વારા નિર્મિત 'સુમન પાર્થ આવાસ'ના ઘણા પરિવારો છેલ્લાં 4 વર્ષથી પાણી લીકેજની ગંભીર સમસ્યાથી નર્કાગાર જેવી સ્થિતિ ભોગવી રહ્યા છે. ચોમાસું ન હોવા છતાં અનેક ફ્લેટોની છત અને દીવાલોમાંથી બારેમાસ પાણી ટપકતું હોવાથી ઘરોની અંદર ચોમાસા જેવો માહોલ સર્જાયો છે, જેના લીધે લોકોની ઘરવખરી અને કીમતી સામાનને મોટું નુકસાન થઈ રહ્યું છે. સતત સીપેજ અને ભેજને કારણે આખી બિલ્ડિંગનું આંતરિક સ્ટ્રક્ચર પણ નબળું પડી રહ્યું છે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ઘટવાની ભીતિ સેવાઈ રહી છે. રહીશોનો આક્ષેપ છે કે, સુરત મહાનગરપાલિકાના ઓનલાઈન પોર્ટલ સહિત અનેક સ્તરે લેખિત રજૂઆતો કરવા છતાં અધિકારીઓ માત્ર સ્થળ મુલાકાત લઈ, ફોટા પાડીને કાગળ પર કામગીરી બતાવી ચાલ્યા જાય છે, પરંતુ વાસ્તવિકતામાં કોઈ કાયમી નિકાલ કરવામાં આવ્યો નથી.

આવાસના પ્રમુખ મહેશભાઈ પરમારે પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, સોસાયટીમાં હાલ 5 લાખ રૂપિયા જેટલું મેઈન્ટેનન્સ પેન્ડિંગ છે, પરંતુ જ્યારે પણ અમે તે લેવા જઈએ ત્યારે ફ્લેટ ધારકો પહેલા લીકેજ બંધ કરાવવાની માંગ કરે છે. આ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે ઘરના હપ્તા ભરવા કે એક-એક બાથરૂમના રિપેરિંગ પાછળ 10,000થી 30,000 રૂપિયાનો મોટો ખર્ચ કરવો અશક્ય છે. અગાઉ વારંવાર જાણ કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી, જ્યારે બિલ્ડરે માત્ર ઉપરછલ્લી લીપાપોતી અને પટ્ટા મારીને સંતોષ માન્યો છે, પણ પાણીનું એક બુંદ પણ બંધ થયું નથી. તંત્રની આ આડોડાઈ અને ઘોર બેદરકારીથી સ્થાનિકોની ધીરજ હવે ખૂટી ગઈ છે. રોષે ભરાયેલા રહીશોએ મનપાને આખરી ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો આગામી દિવસોમાં લીકેજની સમસ્યાનું કાયમી નિવારણ નહીં આવે, તો તેઓ સોસાયટીના તમામ સભ્યો સાથે રસ્તા પર ઊતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરશે.

### ભરણપોષણની રકમ નહીં ચૂકવનાર પતિને 110 દિવસની સજા

સુરતઃ પતિએ પત્નીને એક સંતાન સાથે ત્યાગી દેતા પત્નીએ ૧૦ માસનાં દિકરા સાથે કોર્ટમાં ભરણપોષણની અરજી કરી હતી. જે અરજીની સુનાવણી બાદ કોર્ટે પતિને માસિક કુલ ૩૫૦૦ રૂપિયા ચુકવવાનો હુકમ કર્યો હતો. તા. ૧૧-૪-૨૩થી ૧૧-૩-૨૪ સુધી ૧૧ માસનાં ૩૮૫૦૦ રૂપિયા ખોરાકી ચઢી જતાં પત્નીએ એડવોકેટ શહેઝાદ રંગરેજ મારફતે કોર્ટમાં રિકવરી અરજી કરી હતી. કેસની હકીકત જોતાં સામાપક્ષે પતિનાં કસુરને ધ્યાને લઈ એક માસનાં ૧૦ દિવસ લેખે ૧૧ માસ લેખે ૧૧૦ દિવસની સાદી કેદની સજા ફટકારી હતી તેમજ સજાના હુકમનો અમલ કરવા બિનજામીન પાત્ર વોરંટ પણ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. પત્નીનાં એડવોકેટ શહેજાદ રંગરેજનાં જણાવ્યા મુજબ અગાઉ પતિને ૩૬૦ દિવસની સજા થઈ હતી.

# આંગડિયા હવાલાના નામે માર્બલના વેપારી સાથે ૪૦ લાખની છેતરપિંડી

**બેંગ્લુરુમાં** કોરા કાગળનાં બંડલ પધરાવી મહિધરપુરામાં આંગડિયા પેઢી નજીક રોકડા સેરવી લીધા

સુરતઃ બેંગ્લુરુ ખાતે રહેતા જમાઈને નાણાં મોકલવા માટે હવાલો પાડનારા અડાજણના માર્બલ વેપારી સાથે ઠગ ટોળકીએ આંગડિયાના દલાલ બની છેતરપિંડી આચરી હતી.

અડાજણ હનીપાર્ક રોડ પર ઉપવન રો-હાઉસમાં રહેતા અને લસકાણા ખાતે 'સનરાઈઝ ગ્રેનાઈટ' નામે માર્બલની દુકાન ચલાવતા મહેન્દ્રકુમાર બાબુલાલ શાહ (ઉં.વ.૫૫)ના જમાઈ રાહુલ જૈન (રહે.,બેંગ્લુરુ) સુરતમાં પ્લોટ ખરીદવા માટે ૪૦ લાખ રોકડા લાવ્યા હતા. જો કે, સોદો ન થતાં તેઓ નાણાં સસરાને ત્યાં જ મૂકી બેંગ્લુરુ પરત ફર્યા હતા. બાદમાં રાહુલભાઈએ આ નાણાં બેંગ્લુરુ મંગાવતા મહેન્દ્રકુમારે પરિચિત ઝવેરી સેજલ જ્વેલર્સના માલિક કમલેશભાઈનો સંપર્ક કર્યો હતો. કમલેશભાઈએ નાણાંની હેરફેર કરતા દલાલ તરીકે ભાવેશ આંગડિયા નામની વ્યક્તિનો સંપર્ક કરાવ્યો હતો.

### ૧૦ની નોટનો ટોકન નંબર આપી ખેલ રચાયો

આરોપી ભાવેશે બેંગ્લુરુમાં રૂપિયા મળી ગયા બાદ જ સુરતમાં રોકડ રકમ લેવાની ખાતરી આપી હતી. વિશ્વાસ વધારવા માટે ટોકન તરીકે 10ની નોટનો નંબર અને રાહુલ જૈનનો મોબાઇલ નંબર લેવામાં આવ્યો હતો. બાદ બેંગ્લુરુમાં રાહુલ જૈનને ફોન કરી ચિકપેટ રોડ વિસ્તાર ખાતે બોલાવવામાં આવ્યા હતા, જ્યાં બે અજાણ્યા શખ્સોએ નોટનો ફોટો જોઈ તેમને આઠ બંડલ ભરેલો થેલો આપી તેમાં 40 લાખ હોવાનું જણાવ્યું હતું. જમાઈનું ગ્રીન સિગ્નલ મળતાં જ સુરતમાં મહિધરપુરા ગલેમંડી રોડ પર વિધિ આંગડિયા પેઢીની ઓફિસ પાસે હાજર મહેન્દ્રકુમારે ભાવેશના માણસ 'ખેત્રપાળ'ને ૪૦ લાખ રોકડા સોંપી દીધા હતા. બીજી તરફ બેંગ્લુરુમાં રાહુલભાઈએ થેલો ખોલીને તપાસતાં જ તેમના હોશ ઊડી ગયા હતા.

### છેતરપિંડીનો અહેસાસ થતાં પોલીસ ફરિયાદ

પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં વેપારી મહેન્દ્રકુમારે મહિધરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભાવેશ આંગડિયા, ખેત્રપાળ અને બેંગ્લુરુના બે અજાણ્યા શખ્સો (મોબાઈલ ધારકો) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વિધવાને પ્રેમજાળમાં ફસાવી વેપારીએ દુષ્કર્મ આચર્યું

**લગ્નની** લાલચે વિધવા પાસેથી 4 લાખ પણ પડાવ્યા, આરોપીની ધરપકડ

સુરતઃ અશ્વિનીકુમાર રોડ વિસ્તારમાં એકલવાયું જીવન જીવતી અને સિલાઈ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતી વિધવા મહિલાને પ્રેમજાળમાં ફસાવી નરાધમ વેપારીએ હવસનો શિકાર બનાવી છે.

અશ્વિનીકુમાર વિસ્તારમાં રહેતી ૩૫ વર્ષીય વિધવા મહિલા પોતાના બે સંતાનોના ભરણપોષણ માટે ઘરે જ કપડાં સીવવાનું કામ કરે છે. આ દરમિયાન કાપડ માર્કેટમાં કમિશનથી કાપડની લે-વેચનો ધંધો કરતાં રમેશ ઘુસાભાઈ સાંખટ (રહે., પરિમલ સોસાયટી, લંબે હનુમાન રોડ, કાપોદ્રા) સાથે તેનો ધંધાકીય પરિચય થયો હતો. એક દિવસ મહિલાના ઘરમાં કોઈ ન હોવાથી તેની એકલતાનો લાભ ઉઠાવી રમેશે બળાત્કાર ગુજાર્યો હતો.

બાદ પાપી રમેશે પીડિતા સામે લગ્નનો પ્રસ્તાવ મુક્યો હતો અને તેની સાથે લગ્ન કરી લેશે તેવી ખોટી આશા આપી પીડિતાને અલગ-અલગ સ્થળોએ લઈ જઈ અવારનવાર દુષ્કર્મ કર્યું હતું. સમય જતાં નરાધમ પીડિતા સાથે અમાનુષી મારપીટ કરતો હતો અત્યાર સુધીમાં કુલ રૂ.૪ લાખની રોકડ રકમ પણ પડાવી લીધી હતી.

આખરે પીડિતાએ ન્યાય માટે પોલીસનો આશરો લીધો હતો. અશ્વિનીકુમાર પોલીસે ભોગ બનનાર મહિલાની ફરિયાદના આધારે કાયદાનો સકંજો કસીને આરોપી રમેશ સાંખટની ધરપકડ કરી લીધી છે .

# લગ્નના બહાને સગીરા સાથે દુષ્કર્મ આચરનારા યુવકને ૨૦ વર્ષની સજા

**સાડીમાં** સ્ટોન લગાવવાના કારખાના સાથે કામ કરતો આરોપી ભગાડી ગયો હતો

સુરતઃ સગીર વયની કિશોરીનું અપહરણ અને દુષ્કર્મના કેસમાં આરોપી રાજુ પ્રશાંતા ઉર્ફે પ્રશાંતો રાણાને દોષિત ઠેરવી સ્પે. પોક્સો કોર્ટનાં જજ હિતેષકુમાર મુકુંદરાય વ્યાસે ૨૦ વર્ષની કેદની સજા અને રૂ. ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

સાડીમાં સ્ટોન લગાવવાના કારખાના સાથે કામ કરતો આરોપી લગ્ન કરવાનાં બહાને સગીરાને ભગાડી વતન પશ્ચિમ બંગાળ કલકત્તા લઈ જઈ મંદિરમાં હારતોરા કરી વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. ભોગ બનનારની માતાએ 11 જૂન 2025ના રોજ પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે કોઈ અજાણ્યો શખ્સ ફરિયાદીના વાલીપણાંમાંથી ૧૭ વર્ષની દીકરીને ભગાડી ગયો હતો. પોલીસે તપાસ કરતાં બંને કલકત્તાથી મળી આવ્યાં હતાં. પોલીસે ભોગ બનનારનું નિવેદન નોંધતા તેણે આરોપી રાજુ પ્રશાંતા ઉર્ફે પ્રશાંતો રાણાએ વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાનું જણાવ્યું હતું. પોલીસે પોક્સો એકટ સહિતની કલમો અન્વયે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ વિશાલ ફળદુ કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. કોર્ટે બંને પક્ષની દલીલો-રજુઆત અને પુરાવાને ધ્યાને રાખી આરોપી રાજુ પ્રશાંતાને ૨૦ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો. તેમજ ભોગ બનનારને વળતર માટેની યોજના અંતર્ગત ચાર લાખ ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો.

### ઉંમર માટે ઓસિફિકેશન ટેસ્ટ કરાયો હતો

ભોગ બનનારની ઉંમર સગીર હોવાનું સાબિત કરવા ફરિયાદ પક્ષે ઓસીફીકેશન ટેસ્ટ કરાયો હતો. બચાવ પક્ષે ભોગ બનનારની ઉંમરનાં મુદ્દે દલીલો કરી હતી. રાત્રે અઢી વાગે આરોપી ભોગ બનનારને રિક્ષામાં ભગાડી ઉધના રેલવે સ્ટેશનથી ટ્રેન મારફતે કલકત્તા પહોંચ્યા હતા. આ પહેલાં આરોપીએ ભોગ બનનારનાં ઘરે આવી તેણીની એકલતાનો લાભ ઉઠાવી શરીર સુખ માણ્યું હતું.

# પાલમાં ગેલેરિયા કોમ્પ્લેક્સ પાસે છ માસમાંજ પાણીના વાલ્વચેમ્બર તૂટ્યા

**નબળી** ગુણવત્તાની કામગીરી અને દેખરેખના અભાવે જાહેર નાણાંનો બગાડ થયો હોવાનો આક્ષેપ, તપાસની માંગ



સુરતઃ અડાજણ ગામ વિસ્તારમાં ગેલેરિયા કોમ્પ્લેક્સ નજીક સુરત મહાનગરપાલિકા દ્વારા આશરે છ મહિના પહેલાં બનાવવામાં આવેલા પાણીના વાલ્વ ચેમ્બર તૂટી જતાં કામગીરીની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે કરોડો રૂપિયાના વિકાસ કામોના દાવા વચ્ચે તાજેતરમાં બનાવાયેલી સુવિધાઓ જ ટૂંકા ગાળામાં બિસમાર બની રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ પાણી પુરવઠા વ્યવસ્થાના ભાગરૂપે બનાવાયેલા વાલ્વ ચેમ્બરની હાલત માત્ર છ મહિનામાં જ ખરાબ થઈ ગઈ છે. ચેમ્બરના ભાગોમાં તિરાડો પડવા ઉપરાંત કેટલાક સ્થળોએ માળખાકીય નુકસાન પણ જોવા મળી રહ્યું છે.

જેના કારણે કામગીરીમાં ગુણવત્તાનો અભાવ અને યોગ્ય દેખરેખ ન રાખવામાં આવી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આક્ષેપ કરવામાં આવ્યો છે કે કોન્ટ્રાક્ટર દ્વારા બિનજવાબદારીપૂર્વક કામગીરી કરવામાં આવી હતી, જ્યારે સંબંધિત કર્મચારીઓ અને અધિકારીઓએ પણ કામ દરમિયાન જરૂરી દેખરેખ રાખી નહોતી. પરિણામે જાહેર નાણાંથી તૈયાર કરાયેલી સુવિધા ટૂંકા સમયમાં જ નુકસાનગ્રસ્ત બની છે.

સ્થાનિકોએ સમગ્ર મામલે તકનિકી તપાસ કરાવી જવાબદાર કોન્ટ્રાક્ટર, કર્મચારીઓ અને અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરીને જવાબદારો પાસેથી નુકસાનની વસૂલાત કરવામાં આવે અને ભવિષ્યમાં ગુણવત્તાયુક્ત કામગીરી સુનિશ્ચિત કરવામાં આવે તેવી પણ માંગ ઊઠી છે.